| | તારીખ | માસ | વર્ષ |
|---|---|---|---|
| દાખલ તારીખ: | ૧૨ | ૦૩ | ૨૦૨૬ |
| નોંધ્યા તારીખ: | ૧૨ | ૦૩ | ૨૦૨૬ |
| ફેંસલ તારીખ: | ૨૩ | ૦૩ | ૨૦૨૬ |
| સમયગાળો: | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૦ | ૧૧ |

**ખેડા જિલ્લાના મહેરબાન વિશેષ જજ (પોકસો) અને અધિક સત્ર ન્યાયાધીશશ્રીની કોર્ટમાં મુ.કપડવંજ.**

**ક્રીમીનલ પરચુરણ અરજી નંબર: ૫૨/૨૦૨૬**

**અરજદાર:–** ભારતભાઈ ઉર્ફે ભરતભાઈ અમૃતભાઈ ઉર્ફે અમરાભાઈ રાઠોડ
ઉ.વ.આ. ૨૨, ધંધો–મજુરી,
રહે. વિઠ્ઠલપુરા(દલાપુરા), તા. ઠાસરા, જિ. ખેડા.
**(હાલ રહે. જિલ્લા જેલ બીલોદરા, નડીઆદ)**

***//વિરૂધ્ધ//***

**સામાવાળા:–** સરકારશ્રી

**બાબત: ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા ૨૦૨૩ની કલમ ૪૮૩ મુજબ રેગ્યુલર જામીન મેળવવા માટે અરજી**

*************************************************************************

અરજદાર તરફે વિધ્વાન વકીલ શ્રી આર. એચ. સોલંકી
શ્રી સરકાર તરફે વિધ્વાન એ.પી.પી.શ્રી એમ. આર. પટેલ
મુળ ફરીયાદી તરફે વિધ્વાન વકીલ શ્રી આર. એમ. ઝાલા

*************************************************************************

## –:: આંક–૦૧ અન્વયે હુકમ ::–

(૧) સદર કામે અરજદાર/આરોપી કઠલાલ પો. સ્ટે.ના ગુના રજી. નં. ૧૧૨૦૪૦૨૭૨૫૦૭૭ ૬/૨૦૨૫થી બી.એન.એસ.ની કલમ–૬૪(૨)(એમ), ૧૩૭(૨), ૮૭, ૩૫૧(૩) તથા પોકસો એકટની કલમ–૩(એ), ૪, ૫(એલ), ૬ તથા એટ્રોસીટી એકટની કલમ–૩(૧)(ડબ્લ્યુ)(૧), ૩(૧)(ડબ્લ્યુ)(૨), ૩(૨)(૫–અ) ના કામે જયુડી. કસ્ટડીમા હોય, ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા ૨૦૨૩ની કલમ ૪૮૩ હેઠળ રેગ્યુલર જામીન મેળવવા માટેની હાલની અરજી કરેલ છે.

(૨) અરજદાર/આરોપી તરફે વિધ્વાન વકીલશ્રી, શ્રી સરકાર તરફે વિધ્વાન એ.પી.પી. શ્રી તથા મુળ ફરીયાદી તરફે વિધ્વાન વકીલશ્રી હાજર છે તેઓને સાંભળ્યા તેમજ રજુ થયેલ પોલીસ પેપર્સ અને તપાસનીશ અમલદારે રજુ કરેલ એફીડેવીટ તથા મુળ ફરીયાદી તરફે રજુ થયેલ સોગંદનામું વંચાણે લીધું.

(૩) આ કામના ફરીયાદપક્ષની ટુંકમા હકીકત એવી છે કે, આ કામના ફરીયાદીની સગીર વયની બહેન ભોગ બનનાર કે જેની ઉમર ૧૬ વર્ષ ૦૧ માસ ૧૪ દીવસ (જન્મ તા. ૦૩ /૧૧/૨૦૦૯) ને આ કામના આરોપીએ ભોગ બનનાર અનુસુચિત જાતિની તથા સગીર વયની હોવાનુ જાણવા છતાં તા. ૧૬/૧૨/૨૦૨૫ ના રોજ કલાક ૨૧:૦૦ થી તા. ૧૭/૧૨/૨૦૨૫ના રોજ કલાક ૦૧:૦૦ વાગ્યાના સમય દરમ્યાન મોજે પનાજીના મુવાડા, રોહીતવાસની પાછળ તાબે ફાગવેલ તા. કઠલાલથી ફરીયાદીના વાલીપણામાંથી લલચાવી, ફોસલાવી લગ્ન કરવાની લાલચ આપી જારકર્મ કરવાના ઈરાદે અપહરણ કરી કપડવંજ તાલુકાના સુણદા ગામની સીમમાં સાહેદ ભુરીબેન નરવતસિંહ ચૌહાણના ખેતરમાં આવેલ ઓરડીમા રાખી તેની સાથે વારંવાર શરીર સંભોગ (બળાત્કાર) કરેલ તેમજ આ કામના ફરીયાદીને જાનથી મારી નાંખવાની ધમકી આપી ગુનો કરેલ. જે મતલબની કઠલાલ પોલીસ સ્ટેશનમા ફરીયાદ નોંધવામા આવેલી.

(૪) અરજદાર/આરોપી તરફે વિધ્વાન વકીલશ્રીએ તેમની દલીલોમા મુખ્યત્વે અરજીની હકીકતોને દોહરાવેલ છે અને એવી રજુઆત કરેલી છે કે, અરજદાર/આરોપી તદન નિર્દોષ છે. અરજદાર/આરોપીએ ફરીયાદમા જણાવેલ આક્ષેપ મુજબનો કોઈ ગુનો કરેલ નથી. ફરીયાદમાં અરજદારનુ નામ દ્વેષભાવથી આધારે ખોટી રીતે દર્શાવેલ છે. ફરીયાદ જોવામા આવે તો અરજદારે આ કામના ભોગ બનનારને કોઈ જાતી વિષયક શબ્દો બોલેલા નથી કે કોઈ જાતી વિષયક અપમાનીત કરેલ નથી. એટ્રોસીટી એકટની કલમ અરજદારને ખોટી રીતે દબાણમા લાવવા માટે કરેલ છે. ફરીયાદ જોવામા આવે તો બનાવ તા. ૧૬/૧૨/૨૦૨૫ના રોજ બનેલાનો આક્ષેપ છે જયારે ફરીયાદ તા. ૨૧/૧૨/૨૦૨૫ ના રોજ દાખલ કરવામા આવેલ છે. ફરીયાદ પાંચ દીવસ મોડી દાખલ કરવામા આવેલ છે તેનુ કોઈ વ્યાજબી કારણ ફરીયાદમા જણાવેલ નથી. અરજદાર/આરોપી કોઈ ગુનાહીત ઈતિહાસ ધરાવતા નથી. અરજદાર/આરોપીનો કોઈ રોલ હોય તેવું પ્રથમ દૃષ્ટિએ જણાઈ આવતું નથી. અરજદારે ગુના મુજબના આક્ષેપો કરેલ છે તે પણ સ્પષ્ટપણે ફલીત થતું નથી. વધુમા સદર ગુનાની તપાસ પુર્ણ થઈ ગયેલ છે જેનુ ચાર્જશીટ પણ થઈ ગયેલ છે જેનો નામદાર કોર્ટમા પોકસો કેસ નં. ૦૩/૨૦૨૬ પડેલ છે જેથી પુરાવા સાથે કોઈ ચેડા થવાની સંભાવના નથી. અરજદાર/આરોપી ઉપર તેઓના ઘરની જવાબદારી છે. અરજદાર/આરોપી અરજીના મથાળે જણાવેલ સરનામે કાયમી વસવાટ કરે છે. અરજદાર/આરોપી કયાંય નાસી ભાગી જાય તેમ નથી તથા વધુમાં નામદાર કોર્ટ ફરમાવે તે તમામ શરતોનું પાલન કરવાની અરજદાર/આરોપી ખાત્રી આપતા હોય અરજદાર/આરોપીની રેગ્યુલર જામીન અરજી મંજુર કરવા રજુઆત કરેલી છે.

(૫) શ્રી સરકાર તરફે વિધ્વાન એ.પી.પી.શ્રીએ મુખ્યત્વે એવી દલીલ કરેલ છે કે, અરજદાર/આરોપી વિરૂધ્ધ કઠલાલ પો. સ્ટે.ના ગુના રજી. નં. ૧૧૨૦૪૦૨૭૨૫૦૭૭૬/૨૦૨૫થી બી.એન.એસ.ની કલમ-૬૪(૨)(એમ), ૧૩૭(૨), ૮૭, ૩૫૧(૩) તથા પોકસો એકટની કલમ-૩(એ), ૪, ૫(એલ), ૬ તથા એટ્રોસીટી એકટની કલમ-૩(૧)

(ડબ્લ્યુ)(૧), ૩(૧)(ડબ્લ્યુ)(૨), ૩(૨)(૫–અ)ના મુજબનો ગુનો નોંધાયેલ છે. આ કામના ફરીયાદીની સગીર વયની બહેન ભોગ બનનાર કે જેની ઉમર ૧૬ વર્ષ ૦૧ માસ ૧૪ દીવસ (જન્મ તા. ૦૩/૧૧/૨૦૦૯) ને આ કામના આરોપીએ ભોગ બનનાર અનુસુચિત જાતિની તથા સગીર વયની હોવાનુ જાણવા છતાં તા. ૧૬/૧૨/૨૦૨૫ ના રોજ કલાક ૨૧:૦૦ થી તા. ૧૭/૧૨/૨૦૨૫ના રોજ કલાક ૦૧:૦૦ વાગ્યાના સમય દરમ્યાન મોજે પનાજીના મુવાડા, રોહીતવાસની પાછળ તાબે ફાગવેલ તા. કઠલાલથી ફરીયાદીના વાલીપણામાંથી લલચાવી, ફોસલાવી લગ્ન કરવાની લાલચ આપી જારકર્મ કરવાના ઈરાદે અપહરણ કરી કપડવંજ તાલુકાના સુણદા ગામની સીમમાં સાહેદ ભુરીબેન નરવતસિંહ ચૌહાણના ખેતરમાં આવેલ ઓરડીમા રાખી તેની સાથે વારંવાર શરીર સંભોગ (બળાત્કાર) કરેલ તેમજ આ કામના ફરીયાદીને જાનથી મારી નાંખવાની ધમકી આપી ગુનો કરેલ છે. વધુમાં વિધ્વાન એ.પી.પી.શ્રીએ તપાસ કરનાર અમલદારે જે સોગંદનામું રજુ કરેલ છે તે ધ્યાને લઈ અરજદાર/આરોપીની જામીન અરજી નામંજુર કરવા અરજ કરેલ છે.

(૬) સદર કામે મુળ ફરીયાદીએ આંક–૦૭થી લેખીત સોગંદનામું રજુ કરી અરજદાર/ આરોપીને જામીન ઉપર મુકત નહી કરવા વિનંતી કરેલ છે.

(૭) બંને પક્ષની રજુઆતો, જામીન અરજીની હકીકત, રજુ થયેલ તમામ પોલીસ પેપર્સ, તપાસ કરનાર અમલદારનુ સોગંદનામું વગેરે ધ્યાને લીધા. અરજદાર/આરોપી ઉપર કઠલાલ પો. સ્ટે.ના ગુના રજી. નં. ૧૧૨૦૪૦૨૭૨૫૦૭૭૬/૨૦૨૫થી બી.એન.એસ.ની કલમ–૬૪(૨)(એમ), ૧૩૭(૨), ૮૭, ૩૫૧(૩) તથા પોકસો એકટની કલમ– ૩(એ), ૪, ૫(એલ), ૬ તથા એટ્રોસીટી એકટની કલમ–૩(૧)(ડબ્લ્યુ)(૧), ૩(૧)(ડબ્લ્યુ)(૨), ૩(૨)(૫–અ) મુજબનો ગુનો નોંધાયેલ છે. રજુ થયેલ પેપર્સ વંચાણે લેતાં. રજુ થયેલ પેપર્સ વંચાણે લેતાં સદર ગુનાની તપાસ પુર્ણ થઈ ગયેલ છે અને ચાર્જશીટ થઈ ગયેલ છે. અરજદાર/આરોપી તથા ભોગ બનનાર પહેલાથી જ એકબીજાના પરીચયમાં હતા. અરજદારનો કોઈ ગુનાહીત ઈતિહાસ જણાઈ આવતો

નથી. અરજદાર/આરોપી આશરે દોઢ માસથી જયુડીશ્યલ કસ્ટડીમા છે. વધુમાં તપાસ કરનાર અમલદારે જે દહેશતો વ્યકત કરેલ છે તેને ચોકકસ, કડક અને પ્રતિબંધિત શરતોને આધીન જામીન ઉપર મુકત કરી નિવારી શકાય તેમ છે. અરજદાર/આરોપીએ નામદાર કોર્ટની શરતોનુ ચુસ્તપણે પાલન કરવાની અને મુદતે નિયમિત કોર્ટમા હાજર રહેવાની ખાતરી આપેલ છે. આ તમામ સંજોગો તથા અરજદાર/આરોપીનો રોલ ધ્યાને લેતા અરજદાર/આરોપીને પ્રિ–ટ્રાયલ કન્વીકશનનો ભોગ ન બનવુ પડે તે હકીકત લક્ષ્યમા રાખી ફરીયાદપક્ષના કેસની તથા સાહેદોની સુરક્ષા સુરક્ષિત કરી અરજદાર/આરોપીને લાંબા સમય જયુડીશ્યલ કસ્ટડીમા ન રાખતા તેમની ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા ૨૦૨૩ની કલમ–૪૮૩ હેઠળની રેગ્યુલર જામીન અરજી મંજુર કરવી ન્યાયી, વ્યાજબી અને યોગ્ય જણાય છે. જેથી હાલની જામીન અરજી અંગે ન્યાયી વિવેકબુધ્ધીની સત્તા વાપરવી જરૂરી જણાય છે.

(૮) વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલતે સંજયચંદ્ર વિ. સી.બી.આઈ.ના કેસમા કે જે ચુકાદો ૨૦૧૨, ક્રિ. લો. જર્નલ પેજ નં. ૭૦૨ ઉપર પ્રસિધ્ધ થયેલ છે તે કેસમાં નામદાર સર્વોચ્ચ અદાલતે નકકી કરેલ સિધ્ધાંતો ધ્યાને લેતા, અરજદાર/આરોપી તરફે થયેલ દલીલો ગ્રાહય રાખી ન્યાયના વિશાળ હિતમા નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

## –:: આખરી હુકમ ::–

અરજદાર/આરોપીની ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા ૨૦૨૩ની કલમ–૪૮૩ અન્વયેની ક્રીમીનલ પરચુરણ અરજી નં. ૫૨/૨૦૨૬ના કામે આરોપીએ રૂા. ૨૫,૦૦૦/– (અંકે રૂપીયા પચ્ચીસ હજાર પુરા)ના સધ્ધર જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા રજુ કર્યેથી નીચેની શરતોને આધીન **મંજુર** કરવામાં આવે છે.

## – :: શ ર તો ::–

(૧) અરજદાર/આરોપીએ ફરીયાદપક્ષના સાહેદને લોભ, લાલચ, ધાક, ધમકી કે પ્રલોભન આપી ફોડવાની કોશીષ કરવી નહી તેમજ ફરીયાદપક્ષના પુરાવા સાથે કોઈ રીતે ચેડા કરવા નહી.

(૨) અરજદાર/આરોપીએ જામીન ઉપર મુકત થયેથી પોતાના હાલના રહેઠાણનુ સરનામુ અને કાયમી સરનામુ આધારભુત પુરાવા સાથે રજુ કરવાનુ રહેશે. અરજદાર/આરોપીએ પોતાના મોબાઈલ નંબર સંબંધીત કોર્ટમા રજુ કરવા. જો રહેઠાણ સરનામામા મોબાઈલ નંબરમા ફેરફાર કરવાનો પ્રસંગ ઉભો થાય તો તેની જાણ ફેરફાર કર્યાના ૭ (સાત)દીવસમા સંબંધિત અદાલતમા લેખિતમા કરવાની રહેશે.

(૩) અરજદાર/આરોપી જો પાસપોર્ટ ધરાવતા હોય તો સંબંધિત અદાલતમાં જમા કરાવવો અન્યથા પાસપોર્ટ ન ધરાવતા હોય તો તે અંગેનુ સોગંદનામું રજુ કરવું.

(૪) અરજદાર/આરોપીએ ટ્રાયલ કોર્ટમા ઈન્સાફી કાર્યવાહી દરમિયાન નિયમિત રીતે હાજર રહેવું.

– જામીનની કાર્યવાહી સંબંધિત કોર્ટમાં કરવી.

– આ હુકમની ચાદી સંબંધિત પોલીસ સ્ટેશન, જિલ્લા જેલ બીલોદરાને તથા સંબંધિત અદાલતને મોકલી આપવી.

હુકમ આજ રોજ તા. ૨૩, માહે માર્ચ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તા. ૨૩/૦૩/૨૦૨૬
કપડવંજ

**(કમલેશકુમાર સોમાભાઈ પટેલ)**
સ્પે. જજ (પોકસો) અને અધિક સત્ર ન્યાયાધીશ,
કપડવંજ (ખેડા)
(જીજે૦૦૫૩૨)

NMJ